आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 11 * મે 2022 * યુગાબ્દ 5123



## આ અંકમાં...


- વ્યાપક પ્રાંત કાર્યકર્તા બેઠકની ફલશ્રુતિ.
- 'ભારત શોધ સંસ્થાન'ના આયામોનો વિસ્તાર શોધથી સમન્વય સુધી.
- યુવા વિચારક વિમર્શ અંતર્ગત કાશ્મીરના અતીત, વર્તમાન અને ભવિષ્યની વાત.
- 'જન સંખ્યા નિયંત્રણ બિલ' નાં લેખાંજોખાં.












# વિચાર સંદેશ

વર્ષ : 1 અંક : 11
મે 2022 યુગાબ્દ 5123

## સંપાદકીય

એક સર્વસામાન્ય નિષ્કર્ષ એવો છે કે જે મનુષ્યને જવાબદારીથી કામ નથી કરવું પડતું તેની વાસ્તવિક શક્તિનો ક્યારેય વિકાસ નથી થતો. શ્રમનિષ્ઠા અને મનોયોગ પૂર્વક કાર્ય સંલગ્નતા એ આત્મવિકાસનાં પ્રારંભિક પગથિયાં છે. વૈચારિક ક્ષેત્રે સક્રિય કાર્યકર્તાના આત્મબળ સંવર્ધનમાં નિયમિત બૌદ્ધિક વ્યાયામ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પુરુષાર્થવાદી ભારતીય દર્શન ભાગ્યવાદી ન બની જાય તે માટે આપણા પૂર્વજો સતત સતર્ક રહ્યા છે. વેદ ભગવાનનો મત છે, "आरोहणमाक्रमण जीवतो जीवतोऽङनम्" જીવન માટે સૌથી આવશ્યક વાત એ છે કે તેણે રોકાવું ન જોઈએ. ઉન્નત થવું અને આગળ વધવું જીવનનો સ્વાભાવિક ધર્મ છે. અકર્મણ્યતાથી અવાંછનીય તત્વોને પ્રોત્સાહન મળે છે.

વિવિધ કેન્દ્રો ઉપર નિયમિત રીતે ચાલી રહેલ વિચાર ગોષ્ઠિ, ચર્ચાસત્ર, પ્રબુદ્ધ સંવાદ ઉપરાંત આ ચૈત્ર મહિનામાં ( વર્ષના પ્રારંભે ) એક વ્યાપક 'પ્રાંત કાર્યકર્તા બેઠક' યોજાઇ. જેમાં વર્તમાન વૈચારિક પ્રવાહોના સંદર્ભમાં મંચની સંગઠનાત્મક સ્થિતિ, કાર્યની દિશા અને ગતિ વગેરેનું સામૂહિક તથા સમગ્રલક્ષી આકલન થયું. સંગઠનમાં સ્વયંની ભૂમિકા નિર્ધારણ બાબતે કાર્યકર્તા વધુને વધુ સ્પષ્ટ થાય તેવું તંદુરસ્ત મંથન પણ થયું.

સાહસપૂર્વક પ્રામાણિક આત્મવિશ્લેષણ કરવા સક્ષમ એવા આપણા સમૂહમાં એવું મંતવ્ય પણ આવે છે કે, 'ઘણીવાર આપણા કામમાં ધૈર્ય અને નિષ્ઠાનો અભાવ એ આપણી નબળાઈ બની જાય છે.' ઊંચા આદર્શો સાથે સાતત્યપૂર્વક કરેલું કામ સમય આવતાં તેનું પરિણામ ચોક્કસ આપે જ છે. આવશ્યકતા એટલી જ છે કે આપણા કામને આપણે મમત્વ અને સન્માનની દ્રષ્ટિએ જોઈએ.

यः क्रियावान् स पंडितः ।
(सुभाषित रत्न भंडागार २५१)

અર્થાત્
જે કર્મપરાયણ છે, એ જ વાસ્તવમાં પંડિત છે.

**સંપાદક**
**પંકજ પુરોહિત**

**લે-આઉટ અને ડિઝાઇન**
**વૈભવસિંહ ઠાકોર**

**3**

સહચિંતન

**7**

ગુજરાત પ્રાંત કાર્યકર્તા બેઠક

**10**

'ભારત શોધ સંસ્થાન'ના આયામોનો
વિસ્તાર શોધથી સમન્વય સુધી

**14**

કેન્દ્રશઃ  કાર્યક્રમો

**30**

પુસ્તક પરિચય

**34**

વિચાર બોધ



आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક



**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

## અંગાગીભાવ

આત્મીય કાર્યકર્તા બંધુઓ

દર મહિને આપણે ‘સહચિંતન’ નું મથાળું બાંધીને કેટલાક વિષયોનું અને શબ્દોનું ચિંતન કરીએ છીએ. આજે પણ આપણે એ જ વ્યાયામ કરી લઈએ.

જે શબ્દોનું ચિંતન આજે કરવા માગીએ છીએ તેમાંથી પહેલા શબ્દનો જ શીર્ષક તરીકે ઉપયોગ કર્યો છે.

સૌ પ્રથમ આપણે અંગાગીભાવ શબ્દનો જ વિચાર કરીએ.

અંગાંગી શબ્દનો મૂળ સ્વરૂપ છે અંગ. અંગ એટલે કોઈ પણ પૂર્ણસ્વરૂપનો એક ભાગ. ઈશ્વરનું વર્ણન કરતી વખતે 'कर्पुरगौरं करुणावतारं' 'शरचापधर संग्रामजीत खरध्वंसिनं, मारुततूल्य वेगं ' એવું ઇશ્વરસ્વરૂપનું વર્ણન કરીએ છીએ. અને અંગોનું વર્ણન કરતી વખતે 'હાથ, પગ, મુખ, गति' વગેરેનું જુજું જુદું વર્ણન 'करारविंदेन पदारविंदम्  मुखारविंदम्- 'आजानुभूज'  કરીએ છીએ. પણ એ રૂપવર્ણન છે. ગુણવર્ણન નથી.આ પ્રત્યેક અંગનું પોતાનું એક મહત્ત્વ અને પોતાનો એક ઉપયોગ પણ છે. અને તે મહત્ત્વપૂર્ણ પણ છે. દેવદર્શન કરતી વખતે  'मुखारविंद' આશીર્વાદ માગતી વખતે 'पदारविंद' અને સજ્જનરક્ષણ, દુર્જનનિર્દલન માટે '  'आजानुभूज' કે 'करारविंद' નું સ્મરણ કરીએ છીએ. પરંતુ એ વાત નિશ્ચિત છે કે આ બધાં જ અત્યંત મહત્ત્વપૂર્ણ અંગોનું 'अरविंदत्व' ઇશ્વરતત્ત્વ પર જ આધારિત છે. પૂર્ણેશ્વરરૂપમાં અત્યંત મહત્ત્વપૂર્ણ એવાં  'મુખારવિંદ, કરારવિંદ, પદારવિંદ કે આજાનુભૂજ' જો છૂટાં છૂટાં હોય તો ? તે કદાચ સૌંદર્યને કારણે દર્શનીય હોઇ શકે તો પણ આશીર્વાદપ્રાપ્તિ માટે કે 'સજ્જનરક્ષણ -દુષ્ટનિકંદન માટે પર્યાપ્ત તો નથી જ. એક જ લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રતિબદ્ધ બધાં જ અંગોનો સમન્વિત પુરુષાર્થ જ સજ્જન રક્ષણનું કે દુષ્ટદલનનું લક્ષ્ય પૂર્ણ કરી શકે છે.

હાથ, પગ, માથું, ઉદર, આંખ, કાન, હ્રદય વગેરે બધાં જ અંગોનું મહત્ત્વ આપણે જાણીએ જ છીએ. પણ તે બધાં અંગોનાં મનમાં પરસ્પરપુરકતાનો એટલે ભાવ અને મારું મહત્ત્વ સંપૂર્ણ શરીર સાથેનાં મારાં સકારાત્મક સક્રિયતાનાં સ્વીકાર પર જ આધારિત છે એ અંગેની તેની સભાનતા પર જ આધારિત છે. આ માટેનો જ સાર્થક શબ્દ છે અંગાંગીભાવ. મસ્તક, હ્રદય, આંખ, કાન, હાથ, પગ અને અન્ય તમામ અંગોની સબળતા અને સમન્વિત વ્યવહાર પર જ શરીર આધારિત છે અને આ બધાં અંગોની સબળતા પણ શરીર પર જ આધારિત છે. બધાં જ અંગોનાં સ્થાન, કાર્ય, અધિકારો જુદાં છે પણ પણ તેનાં કર્તૃત્વની સાર્થકતા તો અન્ય તમામ અંગોનાં સહકાર્ય પર જ આધારિત છે. અને આ સહકાર્ય એ તમામ અંગોની સમન્વિત જવાબદારી છે. મસ્તક સહિત તમામ અંગોની  જવાબદારી જુદી

છે પણ તેની સુરક્ષા માટે આવશ્યકતા ઉભી થાય તો કષ્ટ સહન કરવાની જવાબદારી પણ હાથની અને અન્યાન્ય અંગોની છે. એમાં જેની સુરક્ષાની આવશ્યકતા છે તે અંગ મસ્તક છે એટલે તેનું વધું મહત્ત્વ અને પગ છે એટલે ઓછું મહત્ત્વ એવું એ અંગનાં ભૌગોલિક સ્થાન પર આધારિત ન જ હોઇ શકે.

આ જ વાત સમાજપુરુષની છે. બધા જ વર્ગોનું સમન્વિત સ્વરૂપ સમાજ છે. આ બધાં અંગોનું ભૌતિક સ્થાન, ભૌગોલિક સ્થાન, કાર્ય, જુદું જુદું છે જ પરંતુ તેમ હોવા છતાં પ્રત્યેકનું મહત્ત્વ જુદું કે ઓછુંવધતું નથી. પ્રત્યેક વર્ણ, પ્રત્યેક વ્યવસાય, પ્રત્યેક નિવાસ(ગ્રામ્ય કે નગરીય), પ્રત્યેક પ્રકારનું શિક્ષણ, આર્થિક સ્થિતિ ભિન્ન ભિન્ન જ રહેવાની છે પરંતુ આ બધાં જ અંગોનું સ્વતંત્ર અસ્તિત્વ (વ્યક્તિનાં કે સમાજનાં)વ્યક્તિનાં પૂર્ણ શરીર કે સમાજપુરુષનાં અસ્તિત્વ અને સ્વાસ્થ્યનો આધાર છે. અને એ સાચા અર્થમાં પુરુષ કે સમાજપુરુષનાં સ્વાસ્થ્ય અને અસ્તિત્વનો આધાર બની રહે તે માટે અંગાંગીભાવની પૂર્ણ સમજ અને પૂર્ણ સમર્પિત પ્રતિબદ્ધતા અનિવાર્ય છે. એક એ વાત પણ સમજવાની જરૂર છે કે અંગવિહીન મનુષ્યશરીર દિવ્યાંગસ્વરૂપે, હાથ, પગ, આંખ, કાન, નાક વગર 'દિવ્યાંગ' તરીકે પણ પોતાનું અસ્તિત્વ અને મહત્ત્વ ટકાવી રાખી શકશે પણ પોતાનાં શરીરરૂપી પૂર્ણથી અલગતા પામી ચૂકેલું કે મેળવી ચૂકેલું અંગ(હાથ, પગ, આંખ, કાન વગરે) પોતાનું અસ્તિત્વ અને ઓળખ ટકાવી નહીં જ શકે. હાથ કે પગ ગુમાવ્યા પછી પણ યોદ્ધો કે સંન્યાસી પોતાનું અસ્તિત્વ કે ઓળખ ટકાવી શકશે પણ છૂટું પડેલું અંગ (હાથ, પગ, આંખ, કાન વગરે)યોદ્ધા કે સંન્યાસી તરીકેનું પોતાનું અસ્તિત્વ કે ઓળખ નહીં ટકાવી શકે.

આ જ વાત કાર્ય અને કાર્યકર્તા વચ્ચેના સંબંધની છે. આપણે બધા કાર્યકર્તાઓ છીએ. કાર્યનો આધાર છીએ. કાર્યનાં અસ્તિત્વ, વૃદ્ધિ, પ્રસાર, પ્રતિષ્ઠા વગેરેમાં આપણો સિંહભાગ છે. અનેક પ્રકારનું કર્તૃત્વ કાર્યની વૃદ્ધિ અને પ્રતિષ્ઠા માટે કારણીભૂત છે. પરંતુ આ સિંહભાગ છે. એકમાત્ર કારણ નથી. કાર્યની ઉપયોગિતા, પ્રતિષ્ઠા

લોકસ્વીકૃતિનું કારણ તેનું લક્ષ્ય, ધ્યેય અને તેની સંપૂર્ણ ઇશ્વરનિર્મિત સૃષ્ટિનાં કલ્યાણ માટે સમર્પણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા એ જ કાર્યનાં અસ્તિત્વ, વૃદ્ધિ, પ્રસાર, પ્રતિષ્ઠાનું મૂળ અને એકમાત્ર કારણ છે. ગીતાપ્રણિત શબ્દોને યાદ કરીએ તો સર્વશક્તિમાન ઇશ કોઇ પણ વ્યક્તિ, સંસ્થા, રાજ્યકર્તા સાથે નથી, કદાચ એ વ્યક્તિ, સંસ્થા, રાજ્યકર્તાઓ વગેરે દ્રશ્યસ્વરૂપમાં કદાચ સંપૂર્ણ ઇશ્વરનિર્મિત સૃષ્ટિનાં કલ્યાણ માટે સમર્પિત હોય અથવા હોવાનો દાવો કરતા હોય, આપણા જેવા સર્વસામાન્ય લોકો તેનાથી પ્રભાવિત થતા હોય તો પણ ઇશ્વર તેના પ્રત્યે આકર્ષિત થતો નથી, તેને ઇશકાર્યનો દરજ્જો આપતો નથી. તે તો તન-મન-ધનપૂર્વક અને मनसा वचसा कर्मणा  ધર્મના વિજય માટે હોય, ધર્મવિજય માટે સમર્પિત હોય તે જ સમાજ, રાષ્ટ્ર કે વ્યક્તિ સાથે જ હોય છે. અને એટલે જ તે છાતી ઠોકીને કહે છે,  यतो कृष्ण ततो धर्म (જ્યાં ધર્મ છે ત્યાં જ કૃષ્ણ છે.) અને જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે. (यतो धर्मस्ततो जय). પ્રત્યક્ષ ઇશે પણ એવું નથી કહ્યું કે જ્યાં હું હોઉં ત્યાં વિજય છે પણ તે તો હંમેશાં એ જ કહે છે કે यतो धर्मस्ततो जय । જ્યાં ધર્મ હશે ત્યાં જ વિજય છે. માત્ર તે એ વચન આપે છે કે હું જ્યાં ધર્મ હશે ત્યાં હોઇશ જ.

જેમ વ્યક્તિપુરુષ છે તેમ સમાજપુરુષ અને રાષ્ટ્રપુરુષ પણ છે.  હાથ, પગ, કાન નાક વગેરે અંગો જેમ વ્યક્તિપુરુષનાં અંગો છે તેમ જાતિ, ભાષા, પ્રાંત, પૂજાપદ્ધતિ,સંપ્રદાયો,  સ્ત્રીપુરુષ, નદી, પર્વત, રણ અને વનજંગલ પણ સમાજપુરુષ અને રાષ્ટ્રપુરુષનાં અંગો છે. અને જેમ વ્યક્તિપુરુષનાં અંગોની સાર્થકતા અને અસ્તિત્વ પુરુષનાં અસ્તિત્વ અને પ્રતિષ્ઠા માટેનાં સર્વસ્વસમર્પણ પર જ આધારિત છે તે જ સ્થિતિ  જાતિ, ભાષા, પ્રાંત, પૂજાપદ્ધતિ, સંપ્રદાયો,  સ્ત્રીપુરુષ વગેરે અંગોની સમાજપુરુષ અને રાષ્ટ્રપુરુષનાં અસ્તિત્વ અને પ્રતિષ્ઠા માટેનાં સમર્પણ પર જ આધારિત છે. મૂળનાં રક્ષણ સિવાય અંગોનું અસ્તિત્વરક્ષણ શક્ય પણ નથી અને તેની કોઇ ઉપયોગિતા પણ નથી.

આપણે બધા પણ ' त्वदियाय कार्याय बद्धा कटीयं' છીએ. આ त्वदियाय કાર્ય એટલે શું છે ? તો તે ઇશકાર્ય છે અને એટલે જ ઇશકાર્ય માટે સંકલ્પબદ્ધ શક્તિમન્ હિંદુરાષ્ટ્રનાં અંગભૂત ઘટક છીએ. શક્તિમન્ હિંદુરાષ્ટ્ર કયા ઇશકાર્ય માટે સમર્પિત છે ? તો તે સંપૂર્ણ વિશ્વનાં કલ્યાણનાં ઇશકાર્ય માટે સમર્પિત છે અને તે પ્રતિબદ્ધતા પ્રત્યેની નિષ્ઠાને સિદ્ધ કરવા માટે તેણે તે લક્ષ્યનો ઉચ્ચાર કરતી વખતે 'सर्वेतः सुखिन संतु'........वयं संघिया: નહીં, हिंदवा: નહીં, भारतीया: નહીં, मनुष्या: નહીં પણ सर्वेत: सुखिन संतु કહ્યું છે. 'वसुधैव कुटुंबकम् (વિશ્વપરિવાર)કહ્યું છે. અને તેથી જ તે ઇશકાર્યની સફળતાનાં નિમિત્ત બની શકે તેવાં એક શ્રેષ્ઠ સાધન તરીકે શક્તિમન્ રાષ્ટ્ર બનવા માટે સંકલ્પબદ્ધ છે. તેની મનીષા વિશ્વવિજેતા નહીં પણ વિશ્વકલ્યાણક બનવાની છે. આમ અધિષ્ઠાન નિશ્ચિત છે. એટલે कर्ता, पृथग्विध करण, विविध चेष्टा( અનેક પ્રકારનાં ઉપકરણો વાપરી શકે એવાં અનેક પ્રકારનાં ઉપક્રમોને આધારે दैवने પણ પ્રસન્ન કરવા માટે પ્રયત્નશીલ કાર્યકર્તા(આપણે બધા) જ ઇશકાર્યની સફળતાનાં નિમિત્ત બનવાનાં છીએ.

આ બધી થકવી નાખે તેવી પાર્શ્વભૂમિથી કંટાળ્યા વગર આપણાં કાર્યનો, એ કાર્ય એક અંગ છે, અને અભિન્ન અંગ છે એવા વિશ્વાસ સાથે) વિચાર કરીએ, સર્વશક્તિમાન ભારત વિશ્વકલ્યાણક ભારત બનીને ઇશ્વરનિર્મિત સૃષ્ટિની સુરક્ષા અને સમૃદ્ધિનું નિમિત્ત બનવાનું છે અને તેની એ સંકલ્પપૂર્તિમાં ક્યાંક આપણે પણ છીએ એને આપણું સૌભાગ્ય ગણીને આપણાં માથે આવેલાં કાર્ય અને જવાબદારીનો વિચાર કરીએ તે અત્યાવશ્યક છે.

આપણે ભારતીય વિચાર મંચ કે પ્રજ્ઞાપ્રવાહ છીએ. સ્થુલ રૂપે એક સંસ્થા કે સંગઠન છીએ પણ અવ્યક્તરૂપે વિશ્વકલ્યાણક કાર્યનું એક અભિન્ન અંગ છીએ. એટલે કે એક મહત્કાર્યનાં (જેની સાથે શ્રીકૃષ્ણ અને તેની ઉપસ્થિતિને કારણે જેને ધર્મકાર્યનું શ્રેષ્ઠસ્થાન અને નિશ્ચિત વિજયની ખાત્રી મળી છે) આપણે માત્ર સાક્ષી નહીં પણ સહભાગી પણ છીએ.

હમણાં જ આપણી એક કાર્યકર્તા બેઠક થઇ. કાર્યની કોઇને કોઇ જવાબદારીના વાહક તરીકે આપણે બધા તેમાં સહભાગી હતા. અનેકોને અનેક પ્રકારની નવી નવી જવાબદારીઓ મળી. આપણું કાર્ય એ શક્તિસમ્પન્ન હિંદુરાષ્ટ્રને શ્રેષ્ઠ સાધન તરીકે પૂર્ણવિકસિત કરવાનાં મહાપ્રયત્નનાં અનેક ઉપકરણો(વિવિધ ક્ષેત્રો)પૈકી એક છે અને આપણે ત્યાં નિર્મિત અનેક આયામો અને કાર્યવિભાગો એ विविधा च पृथग्चेष्टा(અનેક પ્રકારનાં પ્રયાસો) છે. એ બધું મળીને ભારતીય વિચાર મંચ છે. મૂળ લક્ષ્યની વૃદ્ધિ અને પ્રતિષ્ઠાનો આધાર બનવા યોગ્ય ભારતીય વિચાર મંચ બને તેનો આધાર આ બધા આયામો અને કાર્યવિભાગો છે. અને એ કાર્યવિભાગોની સફળતા અને સામર્થ્યનો આધાર આપણા પર છે. દરેક કાર્યવિભાગ અને આયામ સશક્ત, સક્ષમ અને સાર્થક બને તે ભા.વિ. મંચની સક્ષમતા અને સાર્થકતા માટે આવશ્યક જ છે. અને તે માટે દરેક આયામ અને કાર્યવિભાગમાં અને જવાબદારીઓમાં અંગાંગીભાવ અત્યંત આવશ્યક છે. પ્રાંત સ્તરની જવાબદારીથી લઈને નાનકડી કાર્યક્રમમાં વ્યવસ્થાવિભાગની જવાબદારી વગેરેનાં સ્થાન અને કાર્યો હાથ,પગ, માથું, નાક, કાન, આંખનાં કાર્યની જેમ જુદાં જ છે પણ તેનાં શારીરિક સ્થાનને આધારે ઓછાંવધતાં મહત્ત્વનાં નથી. એટલે દરેક અંગ માત્ર પોતાનાં સામર્થ્ય, પ્રતિષ્ઠા કે સુરક્ષાનો વિચાર કરશે તો કદાચ પૂર્ણ પ્રયાસ પછી પણ પૂર્ણ શરીરની એટલે કે ભા. વિ. મંચનાં સામર્થ્ય, પ્રતિષ્ઠા કે સુરક્ષામાં સહભાગી નહીં થઇ શકે. સર્વ અંગોની સુરક્ષા, પ્રતિષ્ઠા ભા. વિ. મંચની સુરક્ષા અને પ્રતિષ્ઠા પર જ આધારિત છે. એકાદ બે અંગો વગરનો મનુષ્ય ભલે વિકલાંગ બનીને પણ પોતાનું અસ્તિત્વ અને ઓળખ ટકાવી શકે છે પણ વિખુટા પડેલાં અંગો પોતાનું અસ્તિત્વ અને ઓળખ ટકાવી શકતાં નથી. આંખ ફૂટ્યાં પછી પણ પૃથ્વીરાજ ચૌહાણ કવિ ચંદ બારોટના चार गज चोवीस तसु अंगुली अष्ट प्रमाण' જેવાં વિશ્વવિખ્યાત કાવ્યનો અધિકારી બની શકે છે. પણ વિખુટી પડેલી આંખ પોતાનું અસ્તિત્વ સદંતર ખોઇ જ દે છે. આયામ કે કોઇ વ્યક્તિનાં પદાધિકાર વગરનો ભા. વિ. મંચ તો ભલે વિકલાંગ પણ ભા. વિ. મંચ તરીકેનું અસ્તિત્વ ટકાવી રાખવાનો છે પણ વિખુટી પડેલાં અન્ય કોઇ પણ અસ્તિત્વ માટે તો એ

શક્ય જ નથી. માત્ર ભા. વિ. મંચને, એનાં માધ્યમથી ઇશકાર્યનું સમર્થ સાધન બનનારા શક્તિમન્ રાષ્ટ્રને અને તેનાં કારણે વિશ્વકલ્યાણક ઇશકાર્યને હાનિ પહોંચાડવાનું નિમિત્ત બન્યાનો દોષ તો તેને માથે આવવાનો જ છે.

એટલે આ વિશ્વકલ્યાણક ઇશકાર્યનું નિમિત્ત બનનારા રાષ્ટ્ર શક્તિમન્ રાષ્ટ્ર બનાવવાનું નિમિત્ત બનનારા અનેક કાર્યોમાંથી એક આપણાં (ભા. વિ. મંચના)કાર્યને સમર્થ બનાવવાનું નિમિત્ત બનવાનાં આપણને પ્રાપ્ત થએલાં સૌભાગ્ય માટે ઇશ્વરનો આભાર માનીને આપણે સર્વાંગ યોગ્યતા પ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે આપણી જવાબદારીને પૂર્ણ શક્તિથી પૂર્ણ કરવા કાર્યરત થઈએ અને રહીએ તથા સર્વદા રહી શકીએ તેવી સર્વશક્તિમાનને પ્રાર્થના સહિત ચિંતનમાં સર્વદા આપના સહયોગીના પ્રણામ.

# ભારતીય વિચાર મંચ - ગુજરાત પ્રાંત કાર્યકર્તા બેઠક

ભારતીય વિચાર મંચની પ્રાંત કાર્યકર્તા બેઠક વૈશાખ સુદ એકમ વિક્રમ સંવત ૨૦૭૮ ૦૧-મે-૨૦૨૨ રવિવારના રોજ અમદાવાદ સ્થિત ડો. હેડગેવાર ભવન ખાતે યોજાઈ. મંચના ૧૬ કેન્દ્રો (અમદાવાદ, ગાંધીનગર, આણંદ, વડોદરા, દાહોદ, ગોધરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ભાવનગર, મોડાસા, રાજકોટ, પાટણ, ભુજ, ગાંધીધામ) ઉપરથી કુલ ૧૩૫ કાર્યકર્તા આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.



કુલ ૪ સત્રોમાં આયોજિત બેઠકના પહેલા સત્રમાં કાર્યકર્તાઓના પરિચય બાદ ભારતીય વિચાર મંચના આગામી આયોજનો અંગે અને ગત વર્ષે થઈ ગયેલા વિચાર મંચના કાર્યક્રમ અને ગતિવિધિ વિશે પ્રાંત મંત્રી શ્રી ઈશાનભાઈ જોષીએ માહિતી આપી. શોધના ક્ષેત્રમાં કાર્યરત મંચની એક પાંખ, 'ભારત શોધ સંસ્થાન' નાં કાર્યકર્તા હિરલબહેન મહેતાએ સંસ્થાનના વિસ્તૃત પરિચય સહિત આવશ્યક સંસાધનો તથા સ્ત્રોત વિશે વાત મૂકી.

ગુજરાતનાં સો વર્ષ કરતાં જુનાં ગ્રંથાલયોના સંચાલકો સાથે સંપર્ક સ્થાપિત કરીને હસ્તપ્રતો તથા તે સમયના સાહિત્ય ઉપર ચાલી રહેલા કામની, ગુજરાતના ઐતિહાસિક મહત્વ ધરાવતા શહેરો ઉપર ચાલી રહેલ ગહન સંશોધનની વિગતો, નવોદિત લેખકોને પ્રોત્સાહન પૂરું પાડી, લેખક, અનુવાદકો તથા સમીક્ષકો તૈયાર કરવાની દિશામાં ચાલી રહેલા કામ અંગે સંકળાયેલ કાર્યકર્તાઓએ પોતપોતાની વાત મૂકી.






બીજા અને ત્રીજા સમાંતર સત્રોમાં વિચાર મંચના વિવિધ સાત આયામશઃ એકત્રિત કાર્યકર્તાઓએ પોતપોતાના આયામના વિવિધ પાસાં અંગે ચર્ચા કરી. આગામી સમયમાં તેની સાતત્યતા વધે તે માટે આવશ્યક પગલાં બાબતે નિર્ણય થયા. સૌથી મહત્વપૂર્ણ નિર્ધાર કેન્દ્ર સ્તરે તથા પ્રાંત સ્તરે વિડિયો દરેક આયામની ટીમ વિસ્તૃત કરવાનો કર્યો. કેટલાક આયામોની પ્રાંત ટોળીની ઘોષણા પણ થઈ. બંને સત્રોના અંતે સામૂહિક સંવાદ દરમિયાન આવેલાં ભિન્ન ભિન્ન મંતવ્યો ઉપર પણ વિસ્તૃત છણાવટ થઈ.




બેઠકના અંતિમ સત્રમાં પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી સુનિલભાઇ શાહ દ્વારા કેટલાંક કેન્દ્રોની ટીમની નવરચનાની ઘોષણા, નવા શરૂ થયેલા 'મહિલા આયામ'ની પ્રાથમિક સમજ વગેરે વાત મૂકાઇ. એ જ સત્રમાં જીજ્ઞાસા સમાધાન અને મુક્ત ચિંતન રહ્યું. અંતમાં પ્રજ્ઞા પ્રવાહના અખિલ ભારતીય સહ સંયોજક શ્રી શ્રીકાંતભાઇ કાટદારેએ બધા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. સાથી કાર્યકર્તાઓ સાથે ઘનિષ્ઠતા વધવાથી સાથે સાથે નવી ઉર્જા, નવો ઉત્સાહ પ્રાપ્ત કરી સૌ છુટા પડ્યા.





# <u>'ભારત શોધ સંસ્થાન'ના આયામોનો વિસ્તાર શોધથી સમન્વય સુધી</u>

'ભારત શોધ સંસ્થાન' ભારતીય જ્ઞાન સંપદા, ભારતીય ઇતિહાસ અને ભારતીય પરંપરાના ક્ષેત્રમાં સંશોધન થકી સમાજમાં આ વિષયો પ્રત્યે જાગરૂકતા વધે, વધુ લોકો તે વિષયોની સંશોધન યાત્રામાં જોડાય અને આજની પેઢી સુધી આ વિષયો સાચી અને સકારાત્મક રીતે પહોચી શકે તે માટે સતત પ્રયત્નશીલ છે. આ પ્રયત્નોના ભાગ રૂપે શોધ સંસ્થાને ૫ આયામોમાં પોતાની પ્રવૃત્તિ વિસ્તારી છે. આ આયામો છે : શોધ, શિક્ષણ, સંદર્ભ, સાહિત્ય અને સમન્વય.

<u>શોધ</u> આયામ અંતર્ગત હાલમાં ૫ વિષયોને લાગતું સંશોધન કાર્ય ચાલુ છે. જેમાં Heritage Libraries of Gujarat (19th & 20th Centuries) (ગુજરાતનાં પ્રાચીન વાંચનાલય – તલસ્પર્શી અભ્યાસ અને દસ્તાવેજીકરણ), The Lost Glory of Surat – Once World's Richest City lost to Mughal and Colonial Invaders, Bhrugu Kutchh to Bharuch – World's Most Ancient Port City (પ્રાચીન નગર ભરૂચનો ઐતિહાસિક અને પૌરાણિક સંદર્ભ અને વૈશ્વિક ઈતિહાસમાં તેનું સ્થાન), A Period of Uncertainty and ruining of Indianization 1818 to 1947 – With Reference to Gujarat(અનિશ્ચિતતાનો સમય અને ભારતીયકરણનો વિનાશ ૧૮૧૮ થી ૧૯૪૭ – ગુજરાતના વિશેષ સંદર્ભમાં), A Comparative Analysis Between The Present Good Governance of World Bank and Governance System of Princely States of Gujarat - Gondal, Bhavnagar and Vadodara (વર્તમાન વિશ્વ બેંકનું સુશાસન અને ગુજરાતનાં દેશી રજવાડાં ગોંડલ, ભાવનગર અને વડોદરાની તત્કાલીન રાજ્ય વ્યવસ્થા સાથે તુલનાત્મક અધ્યયન) જેવા વિષયોનો સમાવેશ થાય છે.




શિક્ષણ આયામ અંતર્ગત ગત વર્ષે ૫ ડિપ્લોમા તથા સર્ટીફીકેટ કોર્સ શરૂ કર્યા છે અને આવનારા સમયમાં વધુ ૫ કોર્સ શરૂ થનાર છે. આ ઉપરાંત યુવાનોમાં ભારતીય જ્ઞાન અને તેનું વૈશ્વિક યોગદાન, ભારતનો સાચો ઇતિહાસ અને આપણી પરંપરાઓ માટે  એક નવો અભિગમ વિકસાવવા અને તેમને તેમના દેશના અમૂલ્ય વારસા અને સંસ્કૃતિથી પરિચિત કરાવવાના ઉદ્દેશ્ય સાથે એક દિવસીય તાલીમ વર્ગ अस्माकं भारत નું આયોજન કરેલ છે.




સંદર્ભ આયામ અંતર્ગત શોધ સંસ્થાન પોતાનું એક Guide Desk શરૂ કરનાર છે જેમાં વિષયને લગતા સંદર્ભો, , ડીજીટલ – ઓડિયો વીડીયો લાઈબ્રેરી, વિષય નિષ્ણાત સાથે ગોષ્ઠી, સંવાદ, મુલાકાત વગેરે જેવા પ્રકલ્પો પર કાર્ય કરવામાં આવશે.

સાહિત્ય આયામ અંતર્ગત પ્રકાશિત થયેલ પુસ્તકોમાં Hindu Watch - The Silent Genocide in Pakistan, भारत का राजा, અને ભારતીય જ્ઞાનનો ખજાનો મુખ્ય છે. આવનારા વર્ષમાં પ્રકાશિત થનાર પુસ્તકોમાં महात्मा गांधी और हिन्दुत्व, Role of Indian Diaspora in Freedom Struggle, Kumarjiva – Maker of Buddhism: A Global Religion મુખ્ય છે.

સમન્વય વિના સફળતા અધૂરી છે અને એટલે જ શોધ સંસ્થાને સમન્વય આયામ અંતર્ગત ગુજરાતની ગુજરાત યુનિ., વીરનર્મદ યુનિ., જી.ટી.યુ., નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિ., હેમચંદ્રાચાર્ય યુનિ. સાથે અને સાંચી યુનિ., ભોપાલ સાથે MoU કરેલા છે. જે અંતર્ગત ઉપરોક્ત સંસ્થાનો સાથે દરેક આયામના વિસ્તારનું કાર્ય થશે.




સંસ્થાનના પ્રકલ્પમાં જોડાવા અથવા તે વિષે વધુ માહિતી માટે સંપર્ક કરો : 9687928486

# <u>ભારતીય વિચાર મંચ - યુવા આયામ અમદાવાદ - સંવાદ સત્ર</u>




તા.૯ એપ્રિલ, શનિવારના રોજ ભારતીય વિચાર મંચ, અમદાવાદના યુવા આયામ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં લોકમુખે ખ્યાતિ પામેલ ફિલ્મ, " ધ કાશ્મીર ફાઈલ" ના આધારે "કાશ્મીર ફાઈલ્સ: કાશ્મીરને પાર સત્ય" જેવા રસપ્રદ વિષય ઉપર સંવાદ સત્ર યોજાયું હતું. જેમાં વરિષ્ઠ પત્રકાર, કટાર લેખક શ્રી જયવંતભાઇ પંડ્યાનું માર્ગદર્શન શ્રોતાઓને મળ્યું હતું.

શ્રી જયવંતભાઈએ વક્તવ્યની શરૂઆત 'કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મના દર્દભર્યા, ભયાનક અને વાસ્તવિક કિસ્સાઓની માહિતી આપીને કરી હતી. દેશહિતોથી પર રહી ગદ્દારોને છાવરવાની નીતિથી દેશને થયેલા નુકશાનની વાત તેમણે સુપેરે રજૂ કરી હતી.




કાશ્મીર ભૂમિનો ઇતિહાસ સમજાવતા તેઓએ જગતગુરુ શ્રી શંકરાચાર્યનું કાશ્મીરભ્રમણ તથા શારદામઠના ઇતિહાસની વાત કરી. બુધ્ધ ધર્મનો વિકાસ પણ ત્યાં જોઈ શકાય છે. ત્યારબાદ કલ્હાણની 'રાજતરંગીની'નો ઉલ્લેખ કરીને કાશ્મીરના ઇતિહાસને લઈ આજના સમયમાં ફેલાયેલ અર્ધસત્યને પાર જઈને સત્ય તેમણે ઉજાગર કર્યું હતું. વિવિધ મુઘલ શાસકો દ્વારા કેવી રીતે ત્યાંની મૂળ ધરોહરનાં પ્રતીકોનું નિકંદન કાઢ્યું તેનું વિગતપ્રચૂર આલેખન કર્યું હતું. ત્યારબાદ અંગ્રેજો અને સ્વતંત્રતા બાદની સરકારોની વિવિધ નીતિઓની સચોટ સમીક્ષા તેમણે કરી હતી. રાજકારણના વિવિધ પક્ષોની કાશ્મીર વિષય પ્રત્યેની નિષ્ઠા અને તેના કર્તૃત્વભાવની ઝાંખી તેમણે વિગતવાર રજૂ

કરી હતી. આમ, 'કાશ્મીર ફાઇલ્સ' ફિલ્મના કિસ્સાઓનો તાદૃશ ચિતાર તેમણે પોતાના વક્તવ્ય થકી શ્રોતાઓને કરાવ્યો હતો.

શ્રી જયવંતભાઇએ અંતમાં પ્રબુદ્ધજનો સાથે વિચાર વિમર્શ કર્યો હતો. જેમાં પુછાયેલ તમામ પ્રશ્નોના સમાધાનકારક જવાબો તેમણે આપ્યા હતા. કાર્યક્રમને અંતે ભા.વિ.મં. અમદાવાદ શહેરના સહમંત્રી શ્રી દિનેશભાઇ પટેલ દ્વારા જયવંતભાઈનું પુસ્તક ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રવિ રાઠોડે કર્યું હતું.

આ વિચાર વિમર્શમાં શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ સહિત ૩૦ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા.



# <u>ભારતીય વિચાર મંચ, સુરત કેન્દ્ર - વ્યાખ્યાન</u>

## <u>ભારતીય વિચાર મંચ સુરત દ્વારા “જન સંખ્યા નિયંત્રણ બીલ” પર વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવેલ .</u>

ભારતીય વિચાર મંચ દ્વારા ગત તા. ૨૧.૦૪.૨૦૨૨ ના રોજ 'જન સંખ્યા નિયંત્રણ બીલ' વિષયને લઈને એક વ્યાખ્યાનનું આયોજન આશાદીપ ઈન્ટરનેશનલ સ્કુલ, યોગી ચોક ખાતે કરવામાં આવેલ. ભારતીય વિચાર મંચ, સુરત દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં સમયાંતરે રાષ્ટ્ર હિતના મુદ્દાઓને ધ્યાને લઇને ગોષ્ઠી , સેમિનારો અને વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવતું હોય છે.



જેના ભાગ રૂપે 'જન સંખ્યા નિયંત્રણ બીલ' વિષય પર એક વ્યાખ્યાન રાખવાનું નક્કી કરેલ. અને તે માટે જે બીલ રાજ્ય સભાના સાંસદ શ્રી રાકેશ જી સિન્હા દ્વારા રજુ કરવામાં આવેલ તેમને જ વક્તા તરીકે આમંત્રિત કરેલ. શ્રી રાકેશ સિન્હાજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આ બીલ પ્રાઇવેટ બીલ તરીકે મેં જુલાઈ ૨૦૧૯ માં રજુ કરેલ અને તેના ઉપર બે દિવસ સુધી ચર્ચા પણ ચાલી હતી. વધુમાં માહિતી આપતા તેમણે શ્રોતાઓ જણાવેલ કે આ બીલમાં એવા કોઈ પ્રાવધાન ન હતા કે આ બીલ કોઈ જાતિ, ધર્મ કે સંપ્રદાય માટે જ હોય, આ એક રાષ્ટ્ર હિત માટે તમામ દેશ વાસીઓ માટે બીલ હતું. પરંતુ વિરોધ પક્ષના અને અન્ય પ્રાદેશિક પક્ષના સાંસદો દ્વારા આ બીલ કોઇ એક ધર્મને ધ્યાનમાં લઇને બનાવવામાં આવ્યું છે તેવી દલીલ કરેલ. પરંતુ આ દલીલોઓનો તેઓ પાસે કોઈ આધાર નહતો. બીજું તેમણે વધતી જતી જન સંખ્યાની આવનારા દિવસોમાં કેવી અસરો થઇ શકે તે બાબતે વિસ્તૃત માહિતી આપેલ.






તેમણે જુદા જુદા ધર્મમાં જન્મનો વૃદ્ધિ દર કેટલો છે તેની સચોટ આંકડાકીય માહિતી રજૂ કરી. અંતમાં તેમણે રાષ્ટ્રના હિતમાં આ બીલ લાવવું ખુબ જ જરૂરી છે અને આવનારા દિવસોમાં આ બીલ લાવવા માટે નાગરિકોએ પણ વાસ્તવિકતા સમજી અને રાષ્ટ્રહિતનાં તમામ પાસાંઓને ધ્યાને લઈને એક લોક જુવાળ ઉભો કરવા પણ અપીલ કરેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડો.દિલીપ ભાઈ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા.



તેઓ અર્થશાસ્ત્રના નિષ્ણાત હોઈ તેમણે પણ જણાવેલ કે વધતી જતી વસ્તી એ રાષ્ટ્રના અર્થતંત્ર પર ખુજ અવળી અસર કરતું પરિબળ હોય છે. આ કાર્યક્રમમાં ૪૦૦ કરતાં પણ વધારે શ્રોતાઓએ ભાગ લીધો હતો અને આશાદીપ સ્કુલના મૂખ્ય ઓડીટોરીયમ ઉપરાંત બહારની તરફ પણ એક મોટી  સ્ક્રીન ઉપર વ્યાખ્યાનના જીવંત પ્રસારણ સાથે બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ.



## ભારતીય વિચાર મંચ સુરત દ્વારા 'જન સંખ્યા નિયંત્રણ બિલ' પર પ્રો. રાકેશ સિંહાનું વ્યાખ્યાન યોજાયું

**ધબકાર પ્રતિનિધિ,સુરત,તા.૨૨**

ભારતીય વિચાર મંચ દ્વારા ગતરોજ તા. ૨૧-૦૪-૨૦૨૨ના રોજ જન સંખ્યા નિયંત્રણ બિલ પર એક વ્યાખ્યાનનું આયોજન આશાદીપ ઈન્ટરનેશનલ સ્કુલ, યોગી ચોક ખાતે કરવામાં આવેલ હતો. ભારતીય વિચારમંચ સુરત દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં અવારનવાર સમયાંતરે રાષ્ટ્રહિતના મુદાઓને ધ્યાને લઈને ગોષ્ઠી , સેમિનારો અને વ્યાખ્યાન માળાઓનું આયોજન કરાતુ હોય છે જેના ભાગરૂપે ગતરોજ જનસંખ્યા નિયંત્રણ બિલ વિષય પર એક વ્યાખ્યાન રાખવાનું નકકી કર્યુ હતું અને તે માટે જે બિલ રાજ્ય સભાના સાંસદ રાકેશ સિંહા દ્વારા રજુ કરવામાં આવેલ તેમને જ વક્તા તરીકે આમંત્રિત કરેલ. રાકેશ સિંહાએ જણાવેલ કે આ બિલ પ્રાઈવેટ બિલ તરીકે મેં જુલાઈ ૨૦૧૯માં રજુ કરેલ અને ૨ દિવસ સુધી ચર્ચા પણ કરી હતી વધુમાં માહિતી આપતા તેમણે જણાવેલ કે આ બિલમાં એવા કોઈ પ્રાવધાન ન હતા કે આ બિલ કોઈ જાતિ, ધર્મ કે સંપ્રદાય માટે જ હોય, આ એક રાષ્ટ્રહિત માટે તમામ દેશવાસીઓ માટે બિલ હતું પરંતુ વિરોધ પક્ષના અને અન્ય પ્રાદેશિક પક્ષના સાંસદો દ્વારા આ બિલ કોઈ એક ધર્મને ધ્યાનમાં લઈને બનાવવામાં આવ્યું છે તેવી દલીલ કરેલ પરંતુ આ દલીલોનો તેઓ પાસે કોઈ આધાર નહતો, બીજું તેમણે વધતી જતી જન સંખ્યાની આવનારા દિવસોમાં કેવી અસરો થઈ શકે તે બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જુદા જુદા ધર્મમાં જન્મનો વૃદ્ધિ દર કેટલો છે તેની સચોટ આંકડાકીય માહિતી આપી હતી. અંતમાં તેમણે આ બિલ રાષ્ટ્રના હિત લાવવું ખુબ જ જરૂરી છે અને આવનારા દિવસોમાં આ બિલ લાવવા માટે નાગરિકોએ પણ વાસ્તવિકતા સમજી અને રાષ્ટ હિતના તમામ પાસાઓને ધ્યાને લઈને એક લોક જુવાળ ઉભો કરવા પણ અપીલ કરી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.દિલીપભાઈ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા. તેઓ અર્થ શાસ્ત્રના નિષ્ણાત હોઈ તેમણે પણ જણાવેલ કે વધતી જતી વસ્તીએ રાષ્ટ્રના અર્થતંત્ર પર ખુજ અવળી અસર કરતુ હોઈ છે. આ કાર્યક્રમમાં ૪૦૦ કરતા પણ વધારે શ્રોતાઓએ ભાગ લીધો હતો અને આશાદીપ સ્કુલના ઓડીટોરીયમની બહાર એલ.સી.ડી. લગાવીને બેઠકની વ્યવસ્થા કરાઈ હતી.

# <u>ભારતીય વિચાર મંચ, ભરૂચ કેન્દ્ર –</u>

## <u>' मुस्लिम सोचें (परिवर्धित संस्करण)' નું લોકાર્પણ</u>

વિશ્વ કલ્યાણક મૂલ્યોનું જતન એ દરેક સમાજની જવાબદારી છે.

ભારતીય વિચાર મંચ તેના માટે વૈચારિક ક્ષેત્રે સતત કાર્યરત છે. પ્રવર્તમાન પરિસ્થિતીમાં વિવિધ સમાજની વિચારધારાનું અવલોકન અને તેના પર વિચાર વિમર્શ પણ જરુરી છે. તેવામાં ભારતના મુસલમાનો અને તથાકથિત progressive બુદ્ધિજીવીઓનું વલણ આપણને તર્કસંગત અને નિર્ભય ચર્ચા કરવા બાધ્ય કરે છે.



આ જ હેતુથી ભારતીય વિચાર મંચના ભરૂચ કેન્દ્રએ એક સમયાનુકુલ પ્રયત્ન કરી બે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કર્યુ હતુ. જેમાં તારીખ ૧૫/૦૪/૨૦૨૨ ના રોજ સવારે 'હોટલ રંગ ઈન' ખાતે કેટલાક આમંત્રિત મુસ્લિમ

પ્રબુદ્ધજનો સાથે શંકર શરણજીના પુસ્તક "મુસ્લિમ સોચે" આ વિષય પર સંવાદનુ આયોજન કર્યું. આ સંવાદમાં ૧૫ જેટલા મુસ્લિમ પ્રબુદ્ધજનો હાજર રહ્યા અને વિષય સંલગ્ન દ્વિપક્ષી સંવાદ થયો.





જ્યારે સાંજે શ્રી શંકર શરણજી લિખિત પુસ્તક, ' मुस्लिम सोचें (परिवर्धित संस्करण) નું લોકાર્પણ તથા તે જ સંદર્ભમાં વ્યાખ્યાનનું આત્મીય હૉલ, ભરૂચ ખાતે આયોજન કર્યું હતું





ઉપરોક્ત કાર્યક્રમમાં લગભગ ૮૦ જેટલા પ્રભુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતાં. વ્યાખ્યાનનો વિષય ઘણો જટીલ હોવા છતાં શ્રી શંકર શરણજીએ ખૂબ જ સરળ અને સહજ રીતે પ્રસ્તુત કર્યો. તેમના વક્તવ્ય પછી શ્રોતાગણના પ્રશ્નોના જવાબ આપી કાર્યક્રમનું સમાપન કર્યું.



# ભારતીય વિચાર મંચ : આણંદ કેન્દ્ર - એક દિવસીય રાષ્ટ્રિય સંગોષ્ઠી

ચૈત્ર વદ નોમ, વિક્રમ સંવત ૨૦૭૮ ( તા.૨૪/૨/૨૦૨૨)ના રોજ ભારતીય વિચાર મંચ, આણંદ કેન્દ્ર, ઉત્તિષ્ઠ ભારત તથા આણંદ આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે ભાઈકાકા હોલ,આણંદ ખાતે "एक राष्ट्र, एक चुनाव" વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ હતી.




આ સંગોષ્ઠીના ઉદઘાટન સત્રમાં કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે કોઈપણ વિષય પર વિચાર વિમર્શ કરવો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. વિષય વસ્તુ પરના વિચારો પર વિશ્લેષણ ફેરફાર કરીને ઉપયોગી વિચારો રાષ્ટ્ર હિતમાં અમલમાં મૂકવા જોઈએ.



તેમણે ઉમેર્યું કે એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો વિષય ભારત માટે નવો નથી કારણ કે ૧૯૪૭ માં સ્વતંત્રતા બાદ દેશમાં શરૂઆતમાં ચાર જેટલી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજાઈ હતી. સંજોગોવસાત ચુંટણીની સાતત્યતા અને સમાનતા જળવાઇ નહીં , પરિણામે સમગ્ર વર્ષ દરમિયાન ભારતના દરેક ખૂણે કોઈને કોઈ પ્રકારની ચુંટણીઓ યોજાતી રહે છે. જેના પરિણામે વ્યવસ્થાતંત્ર, અર્થતંત્ર અને સંસાધનોનો ભારે વ્યય થવા સાથે સરકારી નીતિઓ અને વિકાસની ગતિ અવરોધાય છે. પરિણામે નાગરિકોને પણ નુકશાન થાય છે, તેમ તેમણે ઉમેર્યું હતું.



દેશ સ્વાધીનતાના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે રાષ્ટ્ર હિતમાં સૌએ સાથે મળી સમગ્ર દેશમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' વિષય પર વ્યાપક જનમત ઉભો કરવાની આવશ્યકતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

રા.સ્વ.સંઘના અખિલ ભારતીય સહ બૌદ્ધિકના પ્રમુખ શ્રી સુનિલ મહેતાએ જણાવ્યું કે ખંડન મંડનના માધ્યમથી આપણે પરિવર્તનને સ્વીકારીએ છીએ. પરંતુ હંમેશાં સારી બાબતોનો સ્વીકાર કરીશું તો સમાજ અને દેશને પરિવર્તનની દિશામાં ચોક્કસ આગળ લઈ જઈ શકીશું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં એક રાષ્ટ્ર એક ચુનાવ અંગે રાજકીય પક્ષો અને બૌદ્ધિકોને વિચાર અને ચર્ચા કરવા માટે પ્રેરિત કર્યા છે, તેમ જણાવતાં તેમણે ઉમેર્યું કે દેશમાં રાજકીય પક્ષો વધવાની સાથે સહભાગીદારી પણ વધી છે. આજના પરિપેક્ષ્યમાં ચૂંટણી પંચ, કાયદા પંચ અને નીતિ આયોગે પણ દેશમાં એક સાથે ચૂંટણી યોજવા અંગે હકારાત્મક અહેવાલો આપ્યા છે.


નયા પડકાર ૭

આણંદમાં એક રાષ્ટ્ર એક ચુનાવ વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ

દેશની ચૂંટણી પ્રક્રિયામાં ભારતના આત્માને વસાવવો પડશે : પ્રફુલ્લ કેટકર

આણંદ,તા.૨૪
આણંદ આર્ટસ કોલેજ અને ભારતીય વિચાર મંચ તથા ઉનિક્ષ ભારતના સંયુક્ત ઉપક્રમે ભાઈકાકા હોલ,આણંદ ખાતે યોજાયેલ એક રાષ્ટ્ર એક ચુનાવ વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ હતી.
આ સેમિનારમાં કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે કોઈપણ વિષય પર વિચાર વિમર્શ કરવો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. વિષય વસ્તુ પરના વિચારો પર વિશ્લેષણ ફેરફાર કરીને ઉપયોગી વિચારો રાષ્ટ્ર હિતમાં અમલમાં મૂકવા જોઈએ.
અખિલ ભારતીય સહ બૌદ્ધિકના પ્રમુખ સુનિલ મહેતાએ જણાવ્યું કે ખંડન મંડનના માધ્યમથી આપણે પરિવર્તનને સ્વીકારીએ છીએ. પરંતુ હમેશા સારી બાબતોનો સ્વીકાર કરીશું તો સમાજ અને દેશને પરિવર્તનની દિશામાં ચોક્કસ આગળ લઈ જઈ શકીશું.
દેશમાં એક સાથે ચૂંટણી યોજવા અંગે અનેક પડકારો છે, પરંતુ ઈચ્છાશક્તિથી સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરી શકાય તે અંગેના ચક્રો ગતિમાન થયા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.
ઓર્ગેનાઈઝરના સંપાદક પ્રફુલ્લ કેટકરે મુખ્ય વક્તવ્યમાં જણાવ્યું કે કોઈ નવા વિચાર અંગે ચર્ચા વિમર્શ થવો જરૂરી છે,પરંતુ દેશમાં વિરોધી વિચારોને ચર્ચા પહેલા નકારવાની પ્રથા ઉભી થઈ છે. તેમણે ઉમેર્યું કે ભારત વિવિધતાથી ભરેલો દેશ છે.ભારતમાં પ્રાચીન સમયથી એક રાષ્ટ્ર બહુ રાજ્ય સંકલ્પના છે.
દેશમાં ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરવા, એક સાથે લોકસભા, વિધાનસભા ચૂંટણી યોજવા અંગે કાયદા પંચ, બંધારણીય સુધારા સમિતિની રચના કરવામાં આવી છે. નીતિ આયોગે પણ પોતાના અહેવાલમાં મતદાર પાંચ વર્ષમાં ફકત એક જ વાર રાજ્ય વ્યવસ્થા માટે મતદાન કરે એવી હિમાયત કરી છે.તેમ તેમણે જણાવ્યું હતું.
ઈલેકશન લો એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૧ને ચૂંટણી સુધારાઓની જનની તરીકે ગણાવતા તેમણે ઉમેર્યુ કે એક રાષ્ટ્ર, એક ચુનાવ માટે સમગ્ર દેશમાં વૈચારિક આંદોલન ઉભુ કરવુ જરૂરી છે.
આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના પ્રથમ સત્રમાં એક રાષ્ટ્ર, એક ચુનાવની સંઘીય અસરો અંગે પ્રફુલ્લ કેટકર અને બીજા સત્રમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, મોતીહારી બિહારના કુલપતિ સંજીવકુમાર શર્માએ એક રાષ્ટ્ર, એક ચુનાવ સામેના કાયદાકીય અને બંધારણીય પડકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.
આ પ્રસંગે રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ હેમંત પટેલ, માનદ મંત્રી જ્યોત્સનાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે ભારતીય વિચાર મંચ, આણંદ એકમના પ્રમુખ ડો. રાજેશ પરીખ, દિવ્ય કરુણા ચેરીટેબલ ટ્રસ્ટના હરેશભાઈ શાની, કોલેજના આચાર્ય મનોજભાઈ પટેલ, બૌદ્ધિકો ઉપસ્થિતિ રહ્યા હતા.

દેશમાં એક સાથે ચૂંટણી યોજવા અંગે અનેક પડકારો છે, પરંતુ ઇચ્છાશક્તિથી સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરી શકાય તે અંગેના ચક્રો ગતિમાન થયા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

અંગ્રેજી સાપ્તાહિક 'ઓર્ગેનાઇઝર'ના સંપાદક શ્રી પ્રફુલ્લ કેતકરે જણાવ્યું કે પાછલાં ઘણાં વર્ષોથી દેશમાં વૈચારિક ક્ષેત્રમાં નવુ કલ્ચર ઉભુ થયું છે, જે વ્યક્તિ સામે નહિ પરંતુ વિચારસરણી પર આવ્યું છે. વૈચારિક સ્તર પર 'કેન્સલ કલ્ચર' લોકશાહી માટે ઘાતક છે. દેશની ચૂંટણી પ્રક્રિયામાં ભારતના આત્માને વસાવવો પડશે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું કે કોઈ નવા વિચાર અંગે ચર્ચા વિમર્શ થવો જરૂરી છે,પરંતુ દેશમાં વિરોધી વિચારોને ચર્ચા પહેલાં જ નકારી દેવાની પ્રથા ઉભી થઇ છે.

તેમણે ઉમેર્યું કે ભારત વિવિધતાથી ભરેલો દેશ છે.ભારતમાં પ્રાચીન સમયથી એક રાષ્ટ્ર બહુ રાજ્ય સંકલ્પના છે. દેશમાં ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરવા, એક સાથે લોકસભા, વિધાનસભા ચૂંટણી યોજવા અંગે કાયદા પંચ, બંધારણીય સુધારા સમિતિની રચના કરવામાં આવી છે. નીતિ આયોગે પણ પોતાના અહેવાલમાં મતદાર પાંચ વર્ષમાં ફકત એક જ વાર રાજ્ય વ્યવસ્થા માટે મતદાન કરે એવી હિમાયત કરી છે.તેમ તેમણે જણાવ્યું હતું.

ઈલેકશન લો એમેન્ડમેન્ટ બિલ - ૨૦૨૧ ને ચૂંટણી સુધારાઓની જનની તરીકે ગણાવતા તેમણે ઉમેર્યું કે એક રાષ્ટ્ર, એક ચુનાવ માટે સમગ્ર દેશમાં વૈચારિક આંદોલન ઉભુ કરવુ જરૂરી છે.

આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના પ્રથમ સત્રમાં એક રાષ્ટ્ર, એક ચુનાવની સંઘીય અસરો અંગે પ્રફુલ્લ કેતકરજી, બીજા સત્રમાં સુપ્રસિદ્ધ અધિવક્તા શ્રી અવધૂત સુમંત, ત્રીજા સત્રમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, મોતીહારી, બિહારના કુલપતિ શ્રી સંજીવ કુમાર શર્માએ 'એક રાષ્ટ્ર, એક ચુનાવ' સામેના કાયદાકીય અને બંધારણીય પડકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.



નવગુજરાત સમય

# આણંદમાં 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' વિષય પર સંગોષ્ઠી યોજાઈ

» સમગ્ર દેશમાં વ્યાપક જનમત ઉભો કરવો જરૂરી : કેન્દ્રીય મંત્રી દેવુસિંહ

નવગુજરાત સમય > આણંદ

આણંદ આર્ટ્સ કોલેજ અને ભારતીય વિચાર મંચ તથા ઉનિષ્ઠ ભારતના સંયુક્ત ઉપક્રમે ભાઈકાકા હોલ,આણંદ ખાતે યોજાયેલ "એક રાષ્ટ્ર એક ચૂંટણી" વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ હતી.

કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો વિષય ભારત માટે નવો નથી કારણ કે ૧૯૪૭માં સ્વતંત્રતા બાદ દેશમાં શરૂઆતમાં ચાર જેટલી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચુંટણીઓ એકસાથે યોજાઈ હતી. સંજોગોવશાત ચુંટણીની સાતત્યતા અને સમાનતા જળવાઈ નહીં, પરિણામે સમગ્ર વર્ષ દરમિયાન ભારતના દરેક ખૂણે કોઈને કોઈ પ્રકારની ચુંટણીઓ યોજાતી રહે છે. જેના પરિણામે વ્યવસ્થાતંત્ર, અર્થતંત્ર અને સંસાધનોને ભારે નુકશાન થવા સાથે સરકારી નીતિઓ અને વિકાસની ગતિ અવરોધાય છે, જેને પરિણામે નાગરિકોને પણ નુકશાન થાય છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.રાષ્ટ્ર હિતમાં સૌ સાથે મળી સમગ્ર દેશમાં એક રાષ્ટ્ર, એક ચુનાવ વિષય પર વ્યાપક જનમત ઉભો કરવાની આવશ્યકતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અખિલ ભારતીય સહ બૌદ્ધિકના પ્રમુખ સુનિલ મહેતાએ જણાવ્યું કે દેશમાં રાજકીય પક્ષો વધવાની સાથે સહભાગીદારી પણ વધી છે. આજના પરિપેક્ષ્યમાં ચૂંટણી પંચ, કાયદા પંચ અને નીતિઆયોગે પણ દેશમાં એકસાથે ચૂંટણી યોજવા અંગે હકારાત્મક અહેવાલો આપ્યા છે.દેશમાં એક સાથે ચૂંટણી યોજવા અંગે અનેક પડકારો છે, પરંતુ ઈચ્છાશક્તિથી સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરી શકાય તે અંગેના ચક્રો ગતિમાન થયા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઓર્ગેનાઈઝરના સંપાદક પ્રફુલ્લ કેટકરે જણાવ્યું કે પાછલા ઘણા વર્ષોથી દેશમાં વૈચારિક ક્ષેત્રમાં નવુ કલ્ચર ઉભુ થયું છે, જે વ્યક્તિ સામે નહિ પરંતુ વિચારસરણી પર આવ્યું છે.વૈચારિક સ્તર પર કેન્સલ કલ્ચર લોકશાહી માટે ઘાતક છે.દેશની ચૂંટણી પ્રક્રિયામાં ભારતની આત્માને વસાવવી પડશે તેમ તેમણે ઉમેર્યું હતુ. તેમણે જણાવ્યું કે કોઈ નવા વિચાર અંગે ચર્ચા વિમર્શ થવો જરૂરી છે,પરંતુ દેશમાં વિરોધી વિચારોને ચર્ચા પહેલા નકારવાની પ્રથા ઉભી થઈ છે. તમણે ઉમેર્યું કે ભારત વિવિધતાથી ભરેલો દેશ છે.ભારતમાં પ્રાચીન સમયથી એક રાષ્ટ્ર બહુ રાજ્ય સંકલ્પના છે.

દેશમાં ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરવા, એક સાથે લોકસભા, વિધાનસભા ચૂંટણી યોજવા અંગે કાયદા પંચ, બંધારણીય સુધારા સમિતિની રચના કરવામાં આવી છે. નીતિ આયોગે પણ પોતાના અહેવાલમાં મતદાર પાંચ વર્ષમાં ફક્ત એક જ વાર રાજ્ય વ્યવસ્થા માટે મતદાન કરે એવી હિમાયત કરી છે.તેમ તેમણે જણાવ્યું હતું.

ઈલેકશન લો એમેન્ડમેન્ટ બિલ - ૨૦૨૧ ને ચૂંટણી સુધારાઓની જનની તરીકે ગણાવતા તેમણે ઉમેર્યું કે એક રાષ્ટ્ર, એક ચુનાવ માટે સમગ્ર દેશમાં વૈચારિક આંદોલન ઉભુ કરવુ જરૂરી છે.

આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના પ્રથમ સત્રમાં એક રાષ્ટ્ર, એક ચુનાવની સંઘીય અસરો અંગે પ્રફુલ્લ કેટકર અને બીજા સત્રમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, મોતીહારી બિહારના કુલપતિ શ્રી સંજીવ કુમાર શર્માએ એક રાષ્ટ્ર, એક ચુનાવ સામેના કાયદાકીય અને બંધારણીય પડકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ હેમંત પટેલ, માનદ મંત્રી જ્યોત્સનાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે ભારતીય વિચાર મંચ, આણંદ એકમના પ્રમુખ પ્રે.રાજેશ પરીખ, દિવ્ય કરુણા ચેરીટેબલ ટ્રસ્ટના હરેશભાઈ શાની, કોલેજના આચાર્ય મનોજભાઈ પટેલ, બૌદ્ધિકો ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ શ્રી હેમંત પટેલ,માનદ મંત્રી જ્યોત્સનાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં.



www.sardargurjari.com

સરદાર ગુર્જરી

ભારતીય વિચારમંચ તથા ઉનિષ્ઠ ભારત અને આણંદ આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે

# આણંદમાં 'એક રાષ્ટ્ર એક ચુનાવ' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠી

**દેશમાં એકસાથે ચૂંટણી યોજવા અંગે અનેક પડકારો છે પરંતુ ઇચ્છાશકિતથી સમસ્યાઓના સમાધાનના ચક્રો ગતિમાન થયા છે : સુનિલ મહેતા, પ્રમુખ-અખિલ ભારતીય સહ બૌદ્ધિક**

આણંદ, તા. ૨૪

આણંદ આર્ટસ કોલેજ અને ભારતીય વિચાર મંચ તથા ઉનિષ્ઠ ભારતના સંયુક્ત ઉપક્રમે ભાઈકાકા હોલ,આણંદ ખાતે "એક રાષ્ટ્ર એક ચુનાવ" વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ હતી.આ સેમિનારમાં કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે કોઈપણ વિષય પર વિચાર વિમર્શ કરવો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે. વિષય વસ્તુ પરના વિચારો પર વિશ્લેષણ કે રકાર કરીને ઉપયોગી વિચારો રાષ્ટ્ર હિતમાં અમલમાં મૂકવા જોઈએ.

તેમણે ઉમેર્યું કે એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો વિષય ભારત માટે નવો નથી કારણ કે ૧૯૪૭માં સ્વતંત્રતા બાદ દેશમાં શરૂઆતમાં ચાર જેટલી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચુંટણીઓ એકસાથે યોજાઈ હતી. સંજોગોવશાત ચુંટણીની સાતત્યતા અને સમાનતા જળવાઈ નહીં, પરિણામે સમગ્ર વર્ષ દરમિયાન ભારતના દરેક ખૂણે કોઈને કોઈ પ્રકારની ચુંટણીઓ યોજાતી રહે છે. જેના પરિણામે વ્યવસ્થાતંત્ર, અર્થતંત્ર અને સંસાધનોને ભારે નુકશાન થવા સાથે સરકારી નીતિઓ અને વિકાસની ગતિ અવરોધાય છે, જેને પરિણામે નાગરિકોને પણ નુકશાન થાય છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. અખિલ ભારતીય સહ બૌદ્ધિકના પ્રમુખસુનિલ મહેતાએ જણાવ્યું કે ખંડન મંડનના માધ્યમથી આપણે પરિવર્તનને સ્વીકારીએ છીએ.

પરંતુ હમેશા સારી બાબતોનો સ્વીકાર કરીશું તો સમાજ અને દેશને પરિવર્તનની દિશામાં ચોક્કસ આગળ લઈ જઈ શકીશું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં એક રાષ્ટ્ર એક ચુનાવ અંગે રાજકીય પક્ષો અને બૌદ્ધિકોને વિચાર અને ચર્ચા કરવા માટે પ્રેરિત કર્યા છે, તેમ જણાવતા તેમણે ઉમેર્યુ કે દેશમાં રાજકીય પક્ષો વધવાની સાથે સહભાગીદારી પણ વધી છે. આજના પરિપેક્ષ્યમાં ચૂંટણી પંચ, કાયદા પંચ અને નીતિ આયોગે પણ દેશમાં એક સાથે ચૂંટણી યોજવા અંગે હકારાત્મક અહેવાલો આપ્યા છે.

ઓર્ગેનાઈઝરના સંપાદક પ્રફુલ્લ કેટકરે જણાવ્યું કે પાછલા ઘણા વર્ષોથી દેશમાં વૈચારિક ક્ષેત્રમાં નવુ કલ્ચર ઉભુ થયું છે, જે વ્યક્તિ સામે નહિ પરંતુ વિચારસરણી પર આવ્યું છે. વૈચારિક સ્તર પર કેન્સલ કલ્ચર લોકશાહી માટે ઘાતક છે. દેશની ચૂંટણી પ્રક્રિયામાં ભારતની આત્માને વસાવવી પડશે તેમ તેમણે ઉમેર્યુ હતુ. કોઈ નવા વિચાર અંગે ચર્ચા વિમર્શ થવો જરૂરી છે, પરંતુ દેશમાં વિરોધી વિચારોને ચર્ચા પહેલા નકારવાની પ્રથા ઉભી થઈ છે. દેશમાં ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરવા, એક સાથે લોકસભા, વિધાનસભા ચૂંટણી યોજવા અંગે કાયદા પંચ, બંધારણીય સુધારા સમિતિની રચના કરવામાં આવી છે. નીતિ આયોગે પણ પોતાના અહેવાલમાં મતદાર પાંચ વર્ષમાં ફક્ત એક જ વાર રાજ્ય વ્યવસ્થા માટે મતદાન કરે એવી હિમાયત કરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય સંગોષ્ઠીના પ્રથમ સત્રમાં એક રાષ્ટ્ર, એક ચુનાવની સંઘીય અસરો અંગે પ્રફુલ્લ કેટકર અને બીજા સત્રમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, મોતીહારી બિહારના કુલપતિ શ્રી સંજીવ કુમાર શર્માએ એક રાષ્ટ્ર, એક ચુનાવ સામેના કાયદાકીય અને બંધારણીય પડકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ હેમંત પટેલ,માનદ મંત્રી જ્યોત્સનાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.આ પ્રસંગે ભારતીય વિચાર મંચ, આણંદ એકમના પ્રમુખ પ્રે.રાજેશ પરીખ, દિવ્ય કરુણા ચેરીટેબલ ટ્રસ્ટના હરેશભાઈ શાણી, કોલેજના આચાર્ય મનોજભાઈ પટેલ સહિત બૌદ્ધિકો ઉપસ્થિત રહ્યા હતા.

**સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી નવો વિષય નથી પરંતુ વ્યાપક જનમત ઉભો કરવો જરૂરી : કેન્દ્રિય મંત્રી દેવુસિંહ ચૌહાણ**

**દેશની ચૂંટણી પ્રક્રિયામાં ભારતની આત્માને વસાવવી પડશે : પ્રફુલ્લ કેટકર, સંપાદક-ઓર્ગેનાઇઝર**

# ભારતીય વિચાર મંચ - આણંદ કેન્દ્ર - પ્રબુદ્ધ વાર્તાલાપ

ચૈત્ર સુદ પૂર્ણિમા, વિ.સં.૨૦૭૮ ( તા.૧૬/૪/૨૦૨૨ ) ના રોજ ભારતીય વિચાર મંચ, આણંદ કેન્દ્ર દ્વારા સ.પ. યુનિવર્સિટીના કોન્ફરન્સ હોલ ખાતે એક પ્રબુદ્ધ વાર્તાલાપ યોજાયો. વિષય હતો, 'हिंदू मुस्लिम राष्ट्रीय संवाद की आवश्यकता ।'




વિષયની વિસ્તૃત પ્રસ્તાવના મૂકતાં જાણીતા સ્તંભકાર, વિચારક, Summerhill ના સંપાદક શ્રી શંકર શરણજીએ એક જાગૃત નાગરિક તરીકે સંવેદનશીલ માની લેવાયેલા કેટલાક મુદ્દાઓ પર નિર્ભય ચર્ચાની તાતી જરૂરિયાત હોવાનું જણાવ્યું. મજબૂત તથ્યો તથા તર્ક સાથે રજૂ કરાયેલાં અકાટ્ય સત્યો આ પ્રકારની ચર્ચાઓનું સાર્થક પરિણામ લાવી શકે એવો મત તેઓએ પ્રગટ કર્યો.

સ્વસ્થ ચર્ચાના પ્રવાહમાં જોડાતાં, ઉપસ્થિત પ્રબુદ્ધજનોએ પોતપોતાના મંતવ્યો, ચિંતાઓ તથા સંભવિત નિરાકરણ અંગે ખુલ્લા મને વાત કરી. આક્રમણખોર માનસિકતાના કારણે વસ્તી અસંતુલન, બંધારણની જોગવાઇઓના

ઉપયોગ/દુરુપયોગ, અસહનીય કટ્ટરતા અને તેના પ્રત્યાઘાતને 'અસહિષ્ણુતા' નું નામ આપી હોબાળો મચાવતા તથાકથિત 'બુદ્ધિજીવીઓ'નું વલણ... જેવા મુદ્દાઓ ઉપર અર્થપૂર્ણ મંથન થયું.



અત્યંત ટૂંકા ગાળામાં પ્રાપ્ત થયેલી સુચના બાદ વિશેષ જહેમત ઉઠાવી સફળ સંવાદના આયોજન માટે વક્તા શ્રી સહિત સૌ સહભાગીઓએ આણંદ કેન્દ્રના અધ્યક્ષ શ્રી રાજેશભાઇ પરીખ, ઉપાધ્યક્ષ ડૉ. શિવાનીબહેન મિશ્રા તથા મંત્રી વસંતભાઇ પટેલનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો.

# ભારતીય વિચાર મંચ, ભરૂચ કેન્દ્ર - પરિસંવાદ

ભારતીય વિચાર મંચ અને અંકલેશ્વર ઉધોગ મંડળના સંયુક્ત ઉપક્રમે ૨૨/૨/૨૦૨૨ ના રોજ અંકલેશ્વર એ.આઈ.એ. હોલ ખાતે 'જુના ભારત અને નવા ભારત' વિષય ઉપર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સભાના સાંસદ, કેન્દ્ર સરકારની હોમ અફેર્સ કમિટીના સભ્ય અને દિલ્હી યુનિવર્સિટીના પ્રાધ્યાપક રાકેશ સિંહાની અધ્યક્ષતામાં આ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો ૨૦૧૪ પહેલાનું ભારત અને ૨૦૧૪ પછીના ભારત પર યોજાયેલ પરિસંવાદમાં જુના ભારત અને નવા ભારત પર પોતાના વિચારો પ્રગટ કરતાં રાકેશ સિંહાએ જણાવ્યું કે પહેલાંના ભારતમાં જ્ઞાતિ આધારિત રાજનીતિની વાત થતી હતી.



સાંસ્કૃતિક વારસાના જતનની વાત થતી હતી પણ એ દિશામાં કામ થતું ન હોતું. અને ૨૦૧૪ બાદ રાષ્ટ્રવાદ , સાંસ્કૃતિક વાદ અને અર્થતંત્ર વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રીય કરી દેશની વિદેશ નીતિમાં ફેરફાર કરી નવા ભારતનું નિર્માણ કરાઈ રહ્યું છે. દેશનો જે ઇતિહાસ તોડી મરોડીને રજૂ કરવામાં આવ્યો હતો તે  વિમર્શને હવે બદલવામાં આવી રહ્યો છે. દેશમાં કેન્દ્રમાં જે મુદ્દા આધારે કેન્દ્રની રાજનીતિ થતી હતી તેવા તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. જેમાં ઉદાહરણ રૂપે, રામ જન્મભૂમિ, કાશ્મીર સમસ્યા, નોર્થ ઇસ્ટ સમસ્યાનો અંત સાથે ઉન્નત મસ્તકે ઉભા રહી શકીએ એવી વિદેશ નીતિ... જેવા સુધારા કરાયા છે. સંવેદનશીલતાની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે દેશમાં અણુ મથક બન્યા.



ટેકનોલોજી વિકસી પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જે સુધારા થવા જોઈતા હતા તે થયા ન હતા. જેમાં ઉદાહરણ રૂપે શૌચાલયની વાત કરીએ તો ૨૦૧૪ બાદ કરોડો શૌચાલય ઉભા કરી ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનોના માન-સન્માન અને ગરીમા અપાવી છે. તો દેશમાં પહેલાં જે ભ્રષ્ટાચાર હતો તેને કાબુમાં લેવા માટે અનેકવિધ પ્રયાસોને લઇ હાલ આંશિક કાબુ આવ્યો છે. આ મુદ્દો ખૂબ મોટો છે છતાં સરકાર આકરા કાયદા ઘડી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે પણ આગળ વધી રહી છે. દેશમાં ૨૦૧૪ બાદ અનેક બદલાવ થયા છે. અને દેશમાં કેન્દ્રની સરકારની અનેક ઉપલબ્ધિ મેળવી છે જેને લઇ હવે આંતર રાષ્ટ્રીય ફલક પર ભારતના અન્ય દેશો વિશેષ દરજ્જો આપી જોઈ રહ્યા છે. આ



પ્રસંગે પ્રજ્ઞા પ્રવાહના રાષ્ટ્રીય સંયોજક શ્રીકાંત કાટધેરજી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય વિચાર મંચ, ભરૂચ કેન્દ્રના અગ્રણીઓ હરીશભાઈ જોષી, એચ. કે. પટેલ, વિજયભાઈ શાહ તથા પ્રાંત મંત્રી શ્રી ઈશાનભાઈ જોષી તેમજ એ.આઈ.એ પ્રમુખ રમેશ ગાભાની, હિંમત શેલડીયા પ્રવીણ તેરૈયા, નોટીફાઈડ ભાજપ પ્રમુખ જશુ ચૌધરી તેમજ એશોશિયેશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# <u>ભારતીય વિચાર મંચ, વડોદરા  કેન્દ્ર - मुस्लिम सोचें (परिवर्धित संस्करण) લોકાર્પણ</u>

પાછલાં ઘણા વર્ષોથી "ઇસ્લામિક આતંકવાદ" એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે ત્યારે ભારતના મુસલમાનો અને તથાકથિત progressive બુદ્ધિજીવીઓનું વલણ આપણને તર્કસંગત અને નિર્ભય ચર્ચા કરવા બાધ્ય કરે છે.




આ જ હેતુથી ભારતીય વિચાર મંચ વડોદરા કેન્દ્રએ એક સમયાનુકુલ પ્રયત્ન કરી શ્રી શંકર શરણજી લિખિત પુસ્તક, ' मुस्लिम सोचें (परिवर्धित संस्करण) નું લોકાર્પણ તથા તે જ સંદર્ભમાં વ્યાખ્યાનનું તારીખ ૧૪/૦૪/૨૦૨૨ ના રોજ આઇ. જી. પટેલ  સેમિનાર હૉલ, ફેકલ્ટી ઓફ સોશ્યલ વર્ક, MSU ખાતે આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વડા, શોધ છાત્રો, ISRO ના વૈજ્ઞાનિક, ઉધોગ જગતનાં મહિલા અગ્રણીઓ સહિત લગભગ ૮૫ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતાં.




વ્યાખ્યાનનો વિષય ઘણો જટીલ હોવા છતાં શ્રી શંકર શરણજીએ ખૂબ જ સરળ અને સહજ રીતે પ્રસ્તુત કર્યો. તેમના વક્તવ્ય પછી શ્રોતાગણના પ્રશ્નોના જવાબ આપી કાર્યક્રમનું સમાપન કર્યું. ઉપસ્થિત સહભાગીની સંખ્યા કરતાં બમણી સંખ્યામાં લોકાર્પણ થયેલ પુસ્તકનું વેચાણ એ આ કાર્યક્રમની એક ઉલ્લેખનીય બાબત રહી.



# <u>પુસ્તક પરિચય</u>

પુસ્તક પરિચય

હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી

લેખક: પ્રશાંત પોળ

અનુવાદ: શ્રીકાંત કાટદરે

પ્રકાશક: ભારતીય વિચાર મંચ.




પ્રસિદ્ધ લેખક શ્રી પ્રશાંત પોળ અનેક પુસ્તકોના રચયિતા છે સાથે જ વૈચારિક ક્ષેત્રમાં એક ખ્યાતિ પ્રાપ્ત વિચારક પણ છે. જેઓ પાછલાં અનેક વર્ષોથી આ ક્ષેત્રમાં ભારતીય દ્રષ્ટિકોણને ઉજાગર કરે છે. તેઓનાં અનેક

પુસ્તક - પુસ્તિકાઓ વાચકો દ્વારા આદર પામ્યાં છે અને ભાષાની મર્યાદા ઓળંગી અંગ્રેજી, હિંદી, મરાઠી અને ગુજરાતી જેવી ભાષાઓના વાચકો સુધી પહોંચ્યા છે.

પુસ્તક વિશે તેમના જ મનોગતના કેટલાક અંશ અહીં જોઇએ.


'હિંદુત્વ શબ્દ પોતે જ પોતાનામાં અનેક અર્થો સમાવી લેનારો એક પરિપૂર્ણ શબ્દ છે. અનેક દ્રષ્ટિકોણોથી હિંદુત્વને જોઈ શકાય છે અને સમજી શકાય છે. ભારત વર્ષ અને હિંદુત્વ વચ્ચે અભિન્ન ( જુદો ન પાડી શકે તેવો) સંબંધ છે. હિંદુ કે હિંદુત્વ શબ્દ 'રિલિજીયન' તરીકે વપરાતો કે વાપરી શકાય તેવો શબ્દ નથી. એકેશ્વરવાદ (Abrahamic) સમુદાયની ઉપાસના પદ્ધતિ માટે જે 'રિલિજીયન' શબ્દ વપરાય છે તે અર્થમાં હિંદુત્વ 'રિલિજીયન' નથી. એ તો જીવન જીવવાની (જીવન પદ્ધતિ) એક પદ્ધતિ છે, એ જ કારણ રહ્યું છે કે હજારો વર્ષ પહેલાં આ પરિપૂર્ણ જીવનપદ્ધતિએ ભારતને વિશ્વમાં સૌથી સંપન્ન, સૌથી ઉન્નત અને સૌથી પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવ્યું હતું.

તે દિવસોમાં વિશ્વનો સૌથી વધુ શક્તિશાળી સમુદાય હિંદુ સમાજ અને સૌથી બળવાન રાષ્ટ્ર ભારત હતું. પરંતુ પરમવૈભવનાં શિખરો પર પહોંચ્યા પછી કાલપ્રવાહમાં હિંદુત્વમાં ક્રમશઃ અનેક ઉણપો આવતી ગઈ. એટલે જે રાષ્ટ્રે પહેલાં અનેક વખત, અનેક પ્રચંડ આક્રમણોનો યશસ્વી પ્રતિકાર કર્યો હતો. આક્રમકોને મારી ભગાડયા હતા, તે જ રાષ્ટ્ર ઇસ્લામિક આક્રમણ સામે પરાભૂત થવા લાગ્યું. જો કે કોઈ પણ ઇસ્લામી આક્રમક સંપૂર્ણ ભારતવર્ષ પર શાસન ન કરી શક્યો. તેમનો સફળ પ્રતિકાર/સામનો સતત ક્યાંક ને ક્યાંક થતો જ રહ્યો.

ઇસ્લામિક અને યુરોપીય શક્તિઓના પ્રચંડ આક્રમણો સતત થતાં જ રહેતા હોવા છતાં હિંદુ સંસ્કૃતિ જીવિત રહી. આ કાલખંડમાં હિંદુ સમાજ પર અનેક અત્યાચારો થયા. ઇસ્લામ અને ઈસાઈ ધર્મ(રિલિજીયન)ના સ્વીકાર માટે હિંદુઓને પાશવિક, ક્રૂરતાપૂર્ણ યાતનાઓ આપવામાં આવી. હિંદુ ધર્મસ્થાનો ઉધ્વસ્ત કરાયાં. મંદિરો તોડાયાં, તેમની આસ્થાને ક્રૂરતાથી દબાવવાના બધા જ પ્રયાસો કરવામાં આવ્યા. બળજબરીથી ધર્માંતરણ માટે હિંદુઓની જીવતા ચામડી ઉતારવામાં આવી, દીવાલોમાં જીવતા ચણી લેવાયા, ઉકળતા તેલમાં તળાયા... આ બધી જ નાટકીય યાતનાઓ અપાયા છતાં દેશની સીમાઓ ભૌગોલિક દ્રષ્ટિએ સંકોચાઈ ભલે હોય પણ હિંદુ સંસ્કૃતિ પોતાના પર પરિસ્કૃત સ્વરૂપે જીવંત જ રહી. સંપૂર્ણ વિશ્વમાં આ એકમાત્ર અનોખું ઉદાહરણ છે.'

ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત થયેલી આ પુસ્તિકા 'હિંદુત્વ વિભિન્ન પાસાંઓ સરળતાથી' વૈચારિક જગતમાં ચાલી રહેલા અનેક તર્ક-વિતર્ક વચ્ચે એક ભારતીય દ્રષ્ટિકોણ રજુ કરનાર બની રહે છે. હિંદુત્વ વિશેના વિચારો આજ સુધી ઘણા બધા વિદ્વાનોએ રજુ કરેલ છે. તેઓએ તેના પર ખૂબ મોટું સાહિત્ય પ્રકાશિત કરેલ છે. પરંતુ તે સંશોધકો અને ચિંતકો માટેનું સાહિત્ય હોય તેવું લાગે છે. સામાન્ય જનને હિંદુત્વના અર્ક સમાન આ પુસ્તિકામાં હિંદુત્વની સરળ વ્યાખ્યાથી માંડીને તેની સંપૂર્ણ યાત્રા જેમાં પ્રાચીન કાળથી માંડીને આજદિન સુધીની બાબતોનો સમાવેશ લેખક દ્વારા કરવામાં આવ્યો છે. જે સ્પષ્ટ રીતે આગામી દસકો હિંદુત્વનો હોય તેવું સાબિત કરે છે. આ પુસ્તિકા માત્ર શ્રધ્ધાભાવથી તથ્યહીન વાતો કરનારી નથી પરંતુ તેમાં પુરા તર્ક અને સંદર્ભો સાથેની માહિતી પણ રજૂ કરવામાં આવી છે.

## ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ



સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી... હવે આંગળીના ટેરવે.

વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો... વાંચો...અને વંચાવો.

૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન

૨) આવરણ

૩) ભારતીય જ્ઞાનનો ખજાનો

૪) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.

५) भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।

૬) "વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ"

૭)"હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી"

૮) मुस्लिम सोचें

' ભારતીય વિચાર મંચ ' દ્વારા પ્રકાશિત પુસ્તકો,

મંચની વેબસાઈટ: https://vichar.org/books પરથી આજે જ ખરીદો.

# વિચાર બોધ

## સંત તુલસીદાસજીનો એક પ્રેરક પ્રસંગ

તેમના દ્વારા રચાયેલ મહાકાવ્ય 'રામચરિતમાનસ' પૂરા હિન્દુસ્તાનમાં લોકપ્રિય છે. તેઓએ અનેક કવિતાઓ, દોહાઓ અને ધાર્મિક ગ્રંથો લખેલા છે. તેમણે લખેલ 'હનુમાન ચાલીસા' ખૂબ કહેવાય છે કે તેના વાંચનથી ભય અને ડરનો નાશ થાય છે. એવી માન્યતા છે કે, સંત તુલસીદાસજીને ભગવાને સાક્ષાત દર્શન આપેલા

આપણે અત્યારે જે વાત કરવી છે, તે એ પ્રસંગ છે, જ્યારે તેઓ “રામચરિત માન’ ' ની રચના કરી રહ્યા હતા. એક દિવસે તેમણે ગ્રંથની એક ચૌપાઈ પૂર્ણ કરી જે આ પ્રમાણે હતી,

“શ્રી રામ મય સબ જગ જાની કરહુ પ્રણામ જોરી જુગ પાણી” અર્થાત :

"સમસ્ત સંસારમાં શ્રીરામનો નિવાસ છે, બધામાં ભગવાન છે અને આપણે તેને હાથ જોડી પ્રણામ કરવા જોઈએ. 'આ ચોપાઇ લખ્યા પછી તેઓ વિશ્રામ કરવા ઘર બાજુ જવા નીકળ્યા. રસ્તામાં એક બાળક મળ્યો. તેણે તુલસીદાસજીને પ્રણામ કરી કહ્યું, "મહાત્માજી તમે જે રસ્તે જઈ રહ્યા છો ત્યાં એક આખલો પાગલ થઇ લોકોને મારવા દોડી રહ્યો છે, અને આપે તો લાલ વસ્ત્ર પણ ધારણ કરેલ છે, જેથી તે વિશેષ ભડકશે ! આપ રસ્તો ફેરવી બીજે રસ્તે નીકળી જાઓ તો સારુ રહેશે. "

તુલસીદાસજી તો મહાસંત અને મહાજ્ઞાની હતા. ભગવાન રામના પરમ ભક્ત હતા. તેમણે વિચાર્યું કે આજનો બાળક મને સલાહ આપે છે ! મને ખબર છે, દરેકમાં પ્રભુ રામ વસે છે. હું આખલાને હાથ જોડી લઈશ અને શાન્તિથી નીકળી જઈશ. પરન્તુ જેવા તેઓ આગળ વધ્યા કે, ભુરાંટા થયેલા આખલાએ તેમને જોરદાર ઢીંક મારી જેથી તુલસીદાસજી ખૂબ ખરાબ રીતે પટકાઈ પડયા.

ગુસ્સે ભરાયેલા તુલસીદાસજી ઘરે જવાને બદલે પાછા ફરી ગયા. જ્યાં તે ચૌપાઇઓ લખી રહ્યા હતા. ગુસ્સામાં તેઓ લખેલી ચૌપાઈઓ ફાડવા લાગ્યા, ત્યાં સામે રામભક્ત હનુમાનજી પ્રગટ થયા અને કહ્યું, "શ્રીમાનજી, આપ આ શું કરી રહ્યા છો?'

તુલસીદાસજી તે સમયે ખૂબ ગુસ્સામાં હતા. તેમણે કહ્યું, "આ ભગવાન રામની પ્રશંસામાં લખેલી ચૌપાઈઓ બિલકુલ ખોટી સાબીત થઈ છે. " તેણે હનુમાનજીને આખલાવાળો આખો પ્રસંગ વર્ણવ્યો.

હનુમાનજી ની વાત સાંભળી મુશ્કેરાયા અને કહ્યું, 'શ્રીમાનજી, આ ચૌપાઈઓ સો ટકા સાચી છે. તમે આખલામાં રામ જોયા પણ તમે જે બાળક તમને બચાવવા આવેલો તેમા રામ ન જોયા. ભગવાનતો બાળકના રુપમાં પહેલાથી જ તમારી પાસે આવેલા પણ તમે તેને જોયા જ નહિ.

" આ સાંભળતા જ તુલસીદાસજી હનુમાનજીને ભેટી પડયાં અને પગે પડી ગયા. દોસ્તો, આ વાર્તાનો ગુઢાર્થ સમજવા જેવો છે. આનો અર્થ એ છે કે સંત તુલસીદાસ જેવા જ્ઞાની પુરુષ પણ વધારે પડતા આત્મવિશ્વાસથી થાપ ખાઇ ગયા હતા.

જીવનમાં ખોટા નિર્ણયોનો આધાર પરિસ્થિતિના પક્ષપાતી આકલન અને ખોટા અર્થઘટન પર રહે છે. આપણે નિર્ણય કરવામાં ભૂલ કરીએ છીએ. અને પછી ઇશ્વરને દોષ દઈએ છીએ. જો ડોક્ટર નિદાન જ ખોટું કરે તો દવા પણ ખોટી જ થાય અને પરિણામ પણ વિપરીત જ આવે

# Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા
વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.